# નગર રચના અધિકારીશ્રીની કચેરી

## અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ

ત્રીજો માળ, ઔડા બિલ્ડીંગ, આશ્રમ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪

ન.ર.યો.નં./૬૯(ચાં-ત્રા-ઝું)/કેસ નં.૧૬૩+૧૯૩/ ૯૫૯૪ તા.૧૯/૦૮/૨૦૨૦

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,

અમદાવાદ.

વિષયઃ- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯ (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ)માં મોજે: ઝુંડાલના લે-આઉટ પ્લાન બાબત.

| બ્લોક નં./રે.સ.નં. | મુળખંડ નં. | અંતિમખંડ નં. |
|---|---|---|
| ૩૮૨/૬ | ૧૫૬ | ૧૫૬+૧૮૬ |
| ૪૦૬/૧ | ૧૮૬ | |

સંદર્ભ :-(૧) આપશ્રીની કચેરીના પત્ર ક્રમાંક : ટી.પી.૬૯ (ચાંદખેડા-ઝુંડાલ-ત્રાગડ)/સર્વે/બ્લોક નં-૩૮૨/૬, અં.ખંડ નં.-૧૫૬ નં.૧૩૫૯૦. તા.૦૩/૧૨/૨૦૧૯.

(૨) આપશ્રીની કચેરીના પત્ર ક્રમાંક :ટી.પી.૬૯ (ચાંદખેડા-ઝુંડાલ-ત્રાગડ)/સર્વે/બ્લોક નં-૪૦૬/૧, અં.ખંડ નં.-૧૮૬ નં.૧૩૫૯૧. તા.૦૩/૧૨/૨૦૧૯.

મહાશય,

ઉપરોકત વિષયે સંદર્ભ (૧) તથા (૨) તળેના પત્રથી પાઠવી આપેલ પ્રકરણના અનુસંધાને જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯ (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ)ની દરખાસ્ત નીચે મુજબ છે.

| બ્લોક નંબર/ રે.સ.નં | મુળખંડ નંબર | મુળખંડ નું ક્ષેત્રફળ(ચો.મી.) | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|
| ૩૮૨/૬ | ૧૫૬ | ૯૧૧ | ૧૫૬ | ૫૪૭ |
| ૪૦૬/૧ | ૧૮૬ | ૩૧૩૬ | ૧૮૬ | ૧૮૮૨ |

ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાની સુનાવણી દરમ્યાન જમીન માલીકો/હિત સંબધકો તરફથી આવેલ રજુઆતો/વાંધાસુચનો, રજુ થયેલ આધાર-પુરાવા વગેરે ગુણવત્તાના ધોરણે ચકાસી, તથા માનનીય મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તના પરામર્શ તથા કામચલાઉ પુનઃરચના યોજનાની સુનાવણી દરમ્યાન જમીન માલીકો/હિત સંબધકો તરફથી આવેલ રજુઆતો/વાંધાસુચનો, રજુ થયેલ આધાર-પુરાવા વગેરે ગુણવત્તાના ધોરણે ચકાસી, અત્રેથી તૈયાર કરેલ

Scanned with CamScanner

પ્રારંભિક યોજનાની એવોર્ડ પહેલાની દરખાસ્ત મુજબ અત્રેથી મોજે: ઝુંડાલના સર્વે નં.૩૮૨/૬, ૪૦૬/૧ ના મુળખંડની સામે નીચે મુજબ અંતિમખંડ ફાળવવા વિચારેલ છે.

| બ્લોક નંબર/ રે.સ.નં | મુળખંડ નંબર | મુળખંડ નું ક્ષેત્રફળ(ચો.મી.) | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|---|
| ૩૮૨/૬ | ૧૫૬ | ૯૧૧ | ૧૫૬+૧૮૬ | ૨૪૨૯ |
| ૪૦૬/૧ | ૧૮૬ | ૩૧૩૬ | | |
| | | ૪૦૪૭ | | |

અત્રે રજુ કરેલ લે-આઉટ પ્લાનમાં મુળખંડ નં.૧૫૬ (ક્ષેત્રફળ- ૯૧૧.૦૦ ચો.મી.), મુળખંડ નં.૧૮૬ (ક્ષેત્રફળ- ૩૧૩૬.૦૦ ચો.મી.) ની હદો લીલા રંગથી તથા અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ (ક્ષેત્રફળ-૨૪૨૯.૦૦ ચો.મી.)ની હદો અને માપો લાલ રંગથી સુધારી દર્શાવેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ મુળખંડ તથા અંતિમખંડની હદો, ક્ષેત્રફળ વિગેરે બાબતે નગર રચના અધિકારી ધ્વારા યોજના અંતિમ કરતા સમયે જે ફેરફાર કરવામાં આવે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૨) નગર રચના યોજનાના મુળખંડની માલિકી તથા ક્ષેત્રફળની વિગતો રેવન્યુ રેકર્ડ મુજબ ધ્યાને લીધેલ છે. તેમજ મુળખંડમાં એક કરતા વધુ માલિકો હોય તેવા કિસ્સામાં અંતિમખંડમાં માલિકોના હકક-હિસ્સા તેઓના મુળખંડમાં રહેલ હકક-હિસ્સાના પ્રમાણમાં રહેશે.

(૩) બ્લોક નં./રે.સ.નં.૩૮૨/૬, ૪૦૬/૧ માં રેવન્યુ રેકર્ડને લગતા બીજા હકક ધારકના હકકો તેની સામે ફાળવેલ અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ માં ચાલુ રહેશે.

(૪) મુળખંડની માલિકી અંગેની ચકાસણી તેમજ કોર્ટ મેટર બાબતે વિગતવારની ચકાસણી ઔડા દ્વારા કરવાની રહેશે.

(૫) લે-આઉટની તથા બાંધકામના પ્લાનની વિગતવાર તાંત્રિક ચકાસણી ઔડા દ્વારા કરવાની રહેશે.

(૬) હાલની દરખાસ્ત મુજબ મુળખંડ નં.૧૫૬, ૧૮૬ ની સામે ફાળવેલ અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ ની જમીનમાં વિકાસ કરતા પહેલા મુળખંડની કપાતમાં જતી જમીનનો કબજો સોપ્યા બાદ વિકાસ કરવાનો રહેશે.

(૭) સવાલવાળી જમીનને હાલમાં કાયદેસરનો સ્વતંત્ર એપ્રોચ રોડ મેળવવાની જવાબદારી જમીન માલિકોની રહેશે તેમજ બીજાની જમીનમાંથી કબજો લેવાની જવાબદારી પણ જમીન માલિકોની રહેશે તેમજ અંતિમખંડના ડીમાર્કેશનની ખરાઈ ડી.આઈ.એલ.આર.ની સાથે અને અત્રેની કચેરીના તાંત્રિક શાખાના કર્મચારી સાથે રહીને કરવાની રહેશે.

(૮) નગર રચના અધિકારીશ્રી દ્વારા યોજના અંતિમ કરતી વખતે તથા સરકારશ્રી દ્વારા યોજના મંજુર કરતી વખતે તેમાં ફેરફાર સુચવવામાં આવે તો અરજદારને બંધનકર્તા રહેશે.

Scanned with CamScanner

(૯) મંજુર અમલી રીવાઈઝ વિકાસ નકશાની દરખાસ્ત અને કોમ્પ્રીહેન્સિવ સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો મુજબ સદર અંતિમખંડમાં બાંધકામની પરવાનગી ઔડાએ આપવાની રહેશે.

(૧૦) વધુમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬માં સરકારશ્રી દ્વારા અધિનિયમની કલમોમાં વખતોવખત થયેલ સુધારાને ધ્યાને લઈને આગળની ઘટીત કાર્યવાહી સદરહું અભિપ્રાય અન્વયે કરવાની રહે.

આ સાથે રજુ થયેલ પ્લાનની એક નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવા અત્રેની કચેરીના રેકર્ડ સારૂ રાખી બાકીની નકલ આ સાથે પરત કરેલ છે સદરહું વિકાસ પરવાનગી પ્રકરણે આપશ્રીની તરફથી જે કોઈ નિર્ણય લેવાય તો તેની જાણ તુરત જ અત્રેની કચેરીને અચુક કરવા વિનંતી છે.

બિડાણ-: ઉપર મુજબ

આપનો વિશ્વાસું

નગર રચના અધિકારી
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧ (પ્ર.ન.નિ.)
અમદાવાદ

# નગર રચના અધિકારીશ્રીની કચેરી

## અમદાવાદ નગર રચના યોજના એકમ-૧,અમદાવાદ

હિમાલયા બિઝનેસ સેન્ટર, ઓફીસ નં. ૨૭ થી ૩૦, બીજો માળ, બી.આર.ટી.એસ. સ્ટેન્ડની પાછળ,
આર.ટી.ઓ. સર્કલ, સુભાષબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૨૭

---

ન.ર.યો.નં.૬૯(ચાં-ઝુ-ત્રા)/કેસ નં.૧૬૩+૧૯૩/પુન:અભિપ્રાય/૧૨૮૭૭ તા.૨૫/૧૦/૨૦૨૧

પ્રતિ,

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન,

બહુમાળી ભવન, પ્રથમ માળ,

સેકટર-૧૧, ગાંધીનગર.

વિષય:- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯ (ચાંદખેડા-ઝુંડાલ-ત્રાગડ)માં મોજે; ઝુંડાલના સર્વે નં. ૩૮૨/૬, ૪૦૬/૧ ના અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ માં વિકાસ પરવાનગી અંતર્ગત પુન: અભિપ્રાય પાઠવવા બાબત.


સંદર્ભ:- (૧) અત્રેથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને ઉદ્દેશીને લખાયેલ તા.૧૧/૦૮/૨૦૨૦ના પત્ર નં.ન.ર.યો.નં./૬૯(ચાં-ત્રા-ઝું)/કેસ નં. ૧૬૩+૧૯૩/૮૫૮૪.

(૨) જુનિયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર મહાનગરપાલીકાના તા.૨૯/૦૯/૨૦૨૧ના પત્ર નં.ગાં.મ.ન.પા./ટા.પ્લા./૧૪૭૬૬/૨૦૨૧

મહાશય,

ઉપરોકત વિષયે જણાવવાનું કે, આપશ્રીની કચેરીએથી સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯ (ચાંદખેડા-ઝુંડાલ-ત્રાગડ) માં સમાવિષ્ટ મોજે; ઝુંડાલના સર્વે નં.૩૮૨/૬, ૪૦૬/૧ ના અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ માં વિકાસ પરવાનગી અંતર્ગત અત્રે દ્વારા સંદર્ભ (૧) થી આપેલ અભિપ્રાયનો પુન:અભિપ્રાય પાઠવવા જણાવેલ. જે અન્વયે અગાઉ અત્રે દ્વારા સંદર્ભ (૧) હેઠળના પત્રથી મોજે; ઝુંડાલના સર્વે નં.૩૮૨/૬, ૪૦૬/૧ ના અનુક્રમે મુળખંડ નં.૧૫૬ (ક્ષેત્રફળ ૯૧૧ ચો.મી.) તથા મુળખંડ નં.૧૮૬ (ક્ષેત્રફળ ૩૧૩૬ ચો.મી.) એમ મળીને મુળખંડોના કુલ ક્ષેત્રફળ ૪૦૪૭ ચો.મી. ની સામે ફાળવાયેલ અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ (ક્ષેત્રફળ ૨૪૨૯ ચો.મી.) નો અભિપ્રાય પાઠવી આપેલ. જેમાં નગર રચના યોજના નં.૬૯ (ચાંદખેડા-ઝુંડાલ-ત્રાગડ) ની હાલની અધ્યતન દરખાસ્ત મુજબ સંદર્ભ (૧) હેઠળના પત્રથી પાઠવેલ અભિપ્રાયના નકશામાં દર્શાવેલ અંતિમખંડ નં.૧૫૬+૧૮૬ ના હદ, માપ, ક્ષેત્રફળ યથાવત રહે છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
અમદાવાદ



**KEY PLAN**
SCALE :- 1.00 CM. = 20.00 MT.

| AS PER DRAFT TOWN PLANNING SCHEME APPROVED BY GOVERNMENT | | | | |
|---|---|---|---|---|
| AREA TABLE | | | | |
| R.S.NO. | O.P.NO. | O.P.AREA IN SQ.MT. | F.P.NO. | F.P.AREA IN SQ.MT. |
| 382/6 | 156 | 911.00 | 156 | 547.00 |

| | |
|---|---|
| CASE NO:- | SHEET NO:- 1 |
| PER. NO:- | DATE:- |

SITE PLAN SHOWING OF RESI. BUILDING ON REV. SUR. NO.: 382/6, O.P.No.: 156, F.P.No.: 156, D.T.P.S.NO.69 (CHANDKHEDA-TRAGAD-ZUNDAL) AT:- ZUNDAL, TA. GHATLODIYA, DIST. : AHMEDABAD.


| | |
|---|---|
| SCALE:- 1CM = 4MT | LAY-OUT |
| ZONE:- RESI.I | USE:- RESI. |

COLOUR NOTES:-
O. P. BOUNDARY
F. P. BOUNDARY
ROAD

OWNER :-


MANOJ L.KANANI
16, PADMA BUNGLOWS I,
OPP. ARPAN BUNGLOWS,
SHUKAN X ROAD, NIKOL-NARODA ROAD
NIKOL, AHMEDABAD 382350
AUDA LIC/ ENGG. 734

ENG. :-



નગર રચના યોજના નં. ૬૯ (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ)
પ્રારંભિક યોજનાની એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્ત મુજબ

| બ્લોક નં./ સર્વે નંબર | મુળખંડ નંબર | મુળખંડનું ક્ષેત્રફળ (ચો.મી) | અંતિમખંડ નંબર | અંતિમખંડનું ક્ષેત્રફળ (ચો.મી) |
|---|---|---|---|---|
| ૩૮૨/૬<br>૪૦૬/૧ | ૧૫૬<br>૧૮૬ | ૯૧૧<br>૩૧૩૬<br>૪૦૪૭ | ૧૫૬+૧૮૬ | ૨૪૨૯ |





LAYOUT PLAN
SCALE: 1CM=4M

The approval is subject to Condition that the Boundaries of the Final plot shall be as settled and decided upon by the T.P.O. T.P.Scheme No.______ Ahmedabad/as amended by the Govt. of Gujarat while sanctioning the T.P.Scheme

Opinion for T.P. Scheme Proposals Subject to the conditions mentioned under this office letter No. [illegible] Dated [illegible]

Town Planning Officer
Ahmedabad Town Planning Scheme
Unit-1, Ahmedabad

AUTHORITY